1. ‘સામાજિક ભય’ ને અન્ય કયા નામથી ઓળખવામાં આવે છે?

- સામાજિક ભયને ‘સામાજિક ચિંતાની વિકૃતિ(Social Anxiety Disorder)’ના નામથી પણ ઓળખવામાં આવે છે.

2. 'OCD' પૂરું નામ જણાવો.

- 'OCD','Obsessive Compulisive Disorder` (અનિવાર્ય વિચાર દબાણ અને અનિવાર્ય ક્રિયા દબાણ) છે.

3. કયા પ્રકારની મનોવિકૃતિમાં દર્દીમાં ‘ખિન્નતા’ અને ‘વિષાદી એમ બંને આવેગોની હાજરી જોવા મળે છે?

- દ્વિધ્રુવીય મનોવિકૃતિમાં દર્દીમાં ‘ખિન્નતા’ અને ’વિષાદ’ એમ બંને આવેગોની હાજરી જોવા મળે છે.

4. ADHDની વિકૃતિનું પૂરું નામ જણાવો ?

- ADHDની વિકૃતિનું પૂરું નામ ‘ધ્યાનન્યૂનતા અને અતિપ્રવૃત્તિશીલતાની વિકૃતિ’ (Attention Deficit Hyperactive Disorder) .

5. શારીરિક અને માનસિક રોગોના વર્ગીકરણ સાથે સંકળાયેલી સંસ્થા કઈ છે?

- શારીરિક અને માનસિક રોગોના વર્ગીકરણ સાથે આ બે સંસ્થાઓ સંકળાયેલી છે :
  - ✓ (1) વિશ્વ આરોગ્ય સંસ્થા અને
  - ✓ (2) અમેરિકન સાયકાટ્રીક ઍસોસિએશન.

6. વર્તનવાદના પ્રણેતા કોણ હતા?

- વર્તનવાદના પ્રણેતા જે. બી. વૉટ્સન હતા.

7. સ્કિનરે કઈ સંકલ્પના દ્વારા સમાયોજિત અને કુસમાયોજિત વર્તનને સમજાવવાનો પ્રયત્ન કર્યો?

- સ્કિનને પ્રબલન અને ઉદ્દીપક વિભેદનની સંકલ્પના દ્વારા સમાયોજિત અને કુસમાયોજિત વર્તનને સમજાવવાનો પ્રયત્ન કર્યો.

8. બાવુરાએ વ્યક્તિમાં રહેલ દિશાસુચનની ક્ષમતાનો અભ્યાસ કરી કયો સિદ્ધાંત દર્શાવ્યો?

- આલ્બર્ટ બાડુરાએ દરેક વ્યક્તિમાં રહેલ દિશાસૂચનની મિતાનો અભ્યાસ કરી પોતાની જાતે દિશાસુચન મેળવવાની ક્ષમતાના સિદ્ધાંત દર્શાવ્યો.

9. શારીરિક બંધારણને આધારે મનોવિકૃતિની સમજૂતી કયા મનોવૈજ્ઞાનિકોએ આપી છે?

- શારીરિક બંધારણને આધારે મનોવિકૃતિની સમજૂતી કેશમર અને શેલ્ડન નામના મનોવૈજ્ઞાનિકોએ આપી છે.

10. ''ઑટિઝમ''ને નૈદાનિક પરિભાષામાં શું કહે છે?

- 'ઑટિઝમ'ને નૈદાનિક પરિભાષામાં 'ASD (Autism Spectrum Disorder)' કહે છે.

11. 'Normal' એટલે શું?

- 'Normal' એટલે સર્વસ્વીકૃત ધોરણોની આદર્શ સ્થિતિ.

12. નિમ્ન અહમમાં કઈ બે મૂળવૃત્તિઓ રહેલી છે?

- નિમ્ન અહમાં આ બે મૂળવૃત્તિઓ રહેલી છે :
  - ✓ જીવન(જીજીવિષા)ની મૂળ વૃત્તિ અને
  - ✓ મૃત્યુ(મૂર્મષા)ની મૂળ વૃત્તિ.

13. ફ્રૉઈડે કયા ત્રણ પ્રકારની ચિંતા દર્શાવી છે?

- ફ્રૉઈડે આ ત્રણ પ્રકારની ચિંતા દર્શાવી છે :
  - ✓ વાસ્તવિક ચિંતા,
  - ✓ મનોવિક્ષિપ્ત ચિંતા અને
  - ✓ નૈતિક ચિંતા.

14. DSM -V માં વિકૃતભય સાથે મુખ્યત્વે કઈ ત્રણ વિકૃતિઓને દર્શાવવામાં આવી છે?

- DSM - Vમાં વિકૃતભય સાથે મુખ્યત્વે આ ત્રણ વિકૃતિઓને દર્શાવવામાં આવી છે.
  - ✓ વિશિષ્ટ ભય,
  - ✓ સામાજિક ભય અથવા સામાજિક ચિતાની વિકૃતિ અને
  - ✓ ખુલ્લી જગ્યાનો ભય.

15. સાધારણ કે અસાધારણ વર્તનનો ખ્યાલ શાથી બદલાતો રહે છે?

- સાધારણ કે અસાધારણ વર્તનનો ખ્યાલ સમાજ, ઉંમર, જાતિ,
- સ્થાન, વિસ્તાર, સંસ્કૃતિ કે ભૌગોલિક સ્થિતિ પ્રમાણે બદલાતો રહે છે.

16. અસાધારણ વર્તન કોને ગણવામાં આવે છે?

- આધુનિક સમયમાં ચિકિત્સાત્મક રીતે અસાધારણ વર્તન નક્કી કરવા માટેના ચોક્કસ માપદંડો વિકસાવવામાં આવ્યા છે. વ્યક્તિ વિકૃત ચિતા, વધુ પડતા અકારણ મતિ ભ્રમો, અત્યંત આક્રમક વર્તન કે ખિન્નતા જેવાં લક્ષણો ધરાવતી હોય તો તેને અસાધારણ વર્તન ગણવામાં આવે છે.

17. અસાધારણ વર્તન જન્માવવા માટે ક્યાં કારણો જવાબદાર છે?

- અસાધારણ વર્તન જન્માવનારાં મુખ્ય કારણો આ પ્રમાણે છે :
  - ✓ જૈવિક ઘટકો,
  - ✓ મનોવૈજ્ઞાનિક ઘટકો અને
  - ✓ સામાજિક- સાંસ્કૃતિક ઘટકો.

18. અસાધારણ વર્તન માટે ક્યાં જૈવિક કારણો જવાબદાર છે?

- અસાધારણ વર્તન માટે જૈવિક કારણોમાં મુખ્યત્વે જનીનતત્ત્વોની ખામી, રંગસૂત્રીય ખામી, અંતઃસ્ત્રાવી ગ્રંથિઓની બિનકાર્યક્ષમતા, શરીરની બંધારણીય નબળાઈ, મગજની । ક્રિયાઓમાં ગરબડ શારીરિક વંચિતતા વગેરેને જવાબદાર ગણાવી શકાય.

19. અસાધારણ વર્તન માટે કયાં મનોવૈજ્ઞાનિક કારણો જવાબદાર છે?

- અસાધારણ વર્તન માટે ખંડના ત્મક કે નકારાત્મક સ્વખ્યાલ, અયોગ્ય અને અજાગ્રત પ્રેરણાઓ, બાળપણ દરમિયાન માતાનો પ્રેમન મળવો, આવેગ અનુભૂતિથી વંચિત રહેવું અને માનસિક આઘાત જેવાં મનોવૈજ્ઞાનિક કારણો જવાબદાર છે.

20. કયા સામાજિક-સાંસ્કૃતિક ઘટકો માનસિક રોગોની ઉત્પત્તિમાં ફાળો આપે છે?

- સામાજિક-સાંસ્કૃતિક ઘટકોમાં પૂર્વગ્રહો, ભેદભાવ, બેકારી, જાતિગત તફાવત, ઝડપી સામાજિક પરિવર્તન વગેરે માનસિક રોગોની ઉત્પત્તિમાં ફાળો આપે છે.

21. મનોવિકૃતિઓનાં નિદાન અને વર્ગીકરણ માટે વિશ્વ આરોગ્ય સંસ્થાની કઈ પદ્ધતિ પ્રચલિત છે ?

- મનોવિકૃતિઓનાં નિદાન અને વર્ગીકરણ માટે વિશ્વ આરોગ્ય સંસ્થાની રોગોનું આંતરરાષ્ટ્રીય વર્ગીકરણ (ICD) પદ્ધતિ પ્રચલિત છે.

22. માનસિક રોગોના વર્ગીકરણ માટે અમેરિકન મનોચિકિત્સક મંડળની કઈ પદ્ધતિ પ્રચલિત છે?

- માનસિક રોગોના વર્ગીકરણ માટે અમેરિકન મનોચિકિત્સક મંડળ(APA)ની પદ્ધતિ માનસિક રોગોનું વર્ગીકરણ (DSM)તરીકે પ્રચલિત છે.

23. ચિંતાની વિકૃતિઓમાં કઈ વિકૃતિઓનો સમાવેશ થાય છે?

- ચિંતાની વિકૃતિઓમાં આ વિકૃતિઓનો સમાવેશ થાય છે :

- ✓ (1) સામાન્યીકૃત વિકૃત ચિંતા,
- ✓ (2) વિકૃતભય,
- ✓ (3) અનિવાર્ય વિચાર પાલ, દબાણ અને
- ✓ (4) ક્રિયા દબાણ .

## 24. વિકતભય કોને કહેવાય?

- ➢ વિકૃતભયમાં વ્યક્તિ અબૌદ્ધિક રીતે કોઈ પણ જાતના કારણ વગર કોઈ ચોક્કસ વસ્તુ, પરિસ્થિતિ, જીવજંતુ કે પ્રાણીથી સતત ભય પામતી હોય છે. આવો ભય પ્રમાણ વિનાનો, જેનું કારણ સમજાય નહિ તેવો અને વ્યક્તિના અંકુશ બહારનો હોય.

## 25. વિકૃતભયના પ્રકારો જણાવો.

- ➢ વિકૃતભયના ત્રણ પ્રકારો છે :
  - ✓ સામાજિક વિકૃતભય,
  - ✓ વિશિષ્ટ વિક્તભય અને
  - ✓ જાહેર સ્થાનો કે ખુલ્લી જગ્યાનો વિક્તભય.

## 26. ખુલ્લી જગ્યાનો ભય વ્યક્તિના જીવનમાં કેવી અસર પહોંચાડે છે?

- ➢ ખુલ્લી જગ્યાનો ભય વ્યક્તિના જીવનમાં શારીરિક, માનસિક, આર્થિક, સામાજિક તથા આંતરવૈયક્તિક ક્ષેત્રોમાં અસર પહોંચાડે છે.

## 27. અનિવાર્ય વિચાર દબાણ કોને કહે છે?

- ➢ વ્યક્તિની અનિચ્છા અને પ્રતિકાર છતાં અયોગ્ય અને અનિચ્છનીય વિચારો સતત તેના મનમાં આવતા રહે તેને અનિવાર્ય વિચાર દબાણ કહે છે.

## 28. અનિવાર્ય વિચાર દબાણ કઈ બાબતો અંગેના હોય છે?

- ➢ અનિવાર્ય વિચાર દબાણ આક્રમકતા, જાતીયતા, ધાર્મિક, બાબતો તથા શંકાકુશંકા અંગેના હોય છે.